# વૃક્ષ (એકાંકી)

[ ધોરણ-10ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાંથી સાભાર લેવામાં આવેલી આ એકાંકીમાં મનુષ્યની સ્વાર્થવૃત્તિનું આલેખન કરવામાં આવ્યું છે. આજના યુગનાં સ્નેહના સંબંધો કેવા ઉપરચોટિયા, તકવાદી છે એનું અહીં આલેખન થયું છે. માણસ સ્વાર્થ માટે ઉપકારને ભૂલી જઈ, પોતાના આધારસ્તંભને ભૂલી જઈ એને નિર્મૂળ કરી નાખે છે. કુટુંબનું પાલનપોષણ કરનાર પુત્ર એક દિવસ અચાનક ઘરના આંગણામાં જ વૃક્ષ થઈ જાય છે. વૃક્ષ બનેલો પુત્ર મોટી આવકનું સાધન બને છે. ઘરની સ્થિતિ સુધરી જાય છે. પુત્રના કુટુંબીઓ એનો શક્ય એટલો તમામ ઉપયોગ કરે છે. પણ પછી એક દિવસ એવો આવે છે કે તે સુખસગવડની લાલસામાં નડતરરૂપ લાગે છે, ત્યારે વૃક્ષને કાપી નાખવાની આજ્ઞા પત્ની જ આપે છે. આમ, લાગણીના આવાં કોરાં પરિમાણોની સામે દીકરીના નિર્ભેળ સ્નેહને લેખકે એકાંકીમાં સુંદર રીતે વર્ણવ્યો છે.]

## પાત્રો :

ચંપક; ચકુ; દાદા; ઈન્દિરા; છગનભાઈ; ડૉક્ટર દવે; બહેનપણી-1; બહેનપણી-2; પત્રકાર મિસ દારૂવાલા; એન્જિનિયર અને મજૂર.

**[દશ્ય:1]**

રંગભૂમિ પર એક નાના ઘરનું પ્રવેશદ્વાર, દ્વારાની પાસે ઓટલો. ઓટલાની બહાર ખુલ્લું કંપાઉન્ડ. વરસાદ અને પવનનો અવાજ સંભળાય છે. ઓટલા પર એક આઠેક વર્ષની કિશોરી આવે છે. છાપરા પરથી પડતી વરસાદની ધારાને હથેલીમાં ઝીલે છે. કૂદકો મારીને આંગણામાં આવે છે, વરસાદમાં ખૂબ ઉલ્લાસથી નહાય છે અને ગાય છે :

*આવ રે વરસાદ*
*ઢેબરિયો વરસાદ*
*ઊની ઊની રોટલી*
*ને કારેલાનું શાક*

ઓટલા પર કિશોરીના પપ્પા આવીને ઊભા રહે છે. એ સ્મિતપૂર્વક નહાતી પુત્રીને જોઈ રહે છે. કિશોરીનું ધ્યાન જતાં એ ઓટલા પાસે આવે છે.

**ચકુ :** 'પપ્પા ! કેવો સરસ વરસાદ પડે છે. ચાલો નહાવા. મઝા આવશે.'

**પપ્પા :** 'ના ચકુ. તું નહા.'

**ચકુ :** 'ચલોને પપ્પા, બહુ મઝા પડશે.'

**પપ્પા :** 'ના, મને શરદી થઈ જાય.'

**ચકુ :** 'નહીં થાય પપ્પા, ચલો.' (ચકુ પપ્પાનો હાથ પકડીને ખેંચે છે.)

**પપ્પા :** 'ના....ના... ચકુ રહેવા દે. જો પડી જઈશ બેટા. લપસી પડીશ. હં...હં...' (ચકુ પપ્પાને નીચે વરસાદમાં ખેંચી જાય છે. બંને નહાય છે.)

**ચકુ/પપ્પા :**

*આવ રે વરસાદ*
*ઢેબરિયો વરસાદ*
*ઊની ઊની રોટલી*
*ને કારેલાંનું શાક*

**ચકુ :** 'પપ્પા...પપ્પા ! આ તરફ આવો. આ બાજુ મોટો ધધૂડો પડે છે.' (બન્ને ધધૂડા નીચે ઊભા રહીને નહાય છે. પવનના સુસવાટા અને વરસાદનો અવાજ સંભળાયા કરે છે. ચકુ ગાતી ગાતી કંપાઉન્ડમાં ફર્યા કરે છે. પપ્પા આંગણાના મધ્યમાં આવીને નહાય છે. અચાનક એ જમીન પરથી પગને ખેંચીને ઊંચકવાનો પ્રયત્ન કરે છે. વારાફરતી ડાબો અને જમણો પગ ખેંચીને ઊંચકવાનો પ્રયત્ન કરે છે. વરસાદનો અને પવનનો અવાજ ઓસરતો જાય છે. મલ્હારનો આલાપ સંભળાય છે. ચકુના પપ્પાના પગ જમીન પર સ્થિર થઈ ગયા છે, અને બન્ને હાથ ધીમે ધીમે ઊંચકાતા જાય છે, બન્ને હાથ ઊંચકાઈને સ્થિર થઈ જાય છે. અંદરથી ચકુનાં મમ્મીનો અવાજ સંભળાય છે. આલાપ બંધ થઈ જાય છે.) 'ચકુ બેટા... ચાલ હવે. તારે નિશાળનું મોડું થશે. ચકુ....! ચકુ બેટા......! અરે દાદાજી ! જુઓને આ ચકુ ક્યાં ગઈ ! એને બોલાવોને અંદર.' (દાદાજી લાકડીના ટેકે બહાર આવે છે. ઓટલા પરથી બૂમ પાડે છે.)

**દાદા :** 'ચકુ બેટા... ચાલો અંદર. (ચકુ સાંભળે છે પણ ખભા હલાવીને અંદર આવવાની ના પાડે છે.) ચકુ ! ચલો. નિશાળે જવાનું છે.'

**ચકુ :** 'ના....દાદા.... હજી મારે નહાવું છે.'

**દાદા :** (પગથિયાં ઊતરીને) ચલો બેટા. પછી મોડું થશે. વરસાદ પણ હવે બંધ થવા આવ્યો છે.'

**ચકુ :** 'ના દાદા, હજી થોડો થોડો પડે છે. હું નહીં આવું.'

**દાદા :** (નીચે ઊતરીને) ચકુડી.... ચલેશ કે નઈ અંદર. કહું છું માનતી નથી ? પછી માંદી પડીશ તો ?'

(ચકુને પકડવા દાદા ઝડપથી ચાલે છે. એકવાર ભીની જમીન પર દાદાનો પગ સરકે છે.)
'ચકુડી, માર ખાવો છે ?' (મોટા અવાજે) 'ચાલ અંદર.'
(ચકુ દોડતી દોડતી પગથિયા ચડીને ઓટલા પર ઊભી રહે છે. કપડાં અને વાળ નીચોવે છે. પછી અંદર જાય છે. દાદાજીનું ધ્યાન પુત્ર પર જાય છે.)

**દાદા :** 'ચંપક ! ચાલ અંદર. તારો શરદીનો કોઠો છે ને આમ વરસાદમાં ક્યાં નહાવા ઊભો છે ? માંદા પડતાં વાર નહીં લાગે.

(દાદા જાય છે. પગથિયાં પાસે અટકે છે. પાછા વળીને જુએ છે. ચંપક ત્યાં ને ત્યાં સ્થિર ઊભો છે.)
'ચંપક ! સાંભળતો નથી ? ચાલ અંદર અને શરીર લૂછી નાખ.'
(ચંપક સ્થિર ઊભો છે. દાદા પાછા વળીને ચંપક પાસે આવે છે. એની સામે એકાદ ક્ષણ વિસ્મયથી તાકી રહે છે.)
'એલા, મારી મશ્કરી કરે છે ?'

**ચંપક :** 'હું વૃક્ષ છું.' (દાદાજી ખડખડ હસી પડે છે.)

**દાદા :** 'એવો ને એવો રહ્યો. ચાલ હવે શરીર કોરું કર અને જમવા બેસી જા. તારે દશ ને પચીસની બસ પકડવાની છે. મોડું થઈ જશે તો તું જ પાછો બૂમાબૂમ કરી મૂકીશ. ચાલ અંદર. ઈન્દુ રોટલી કરવા બેઠી છે.'

**ચંપક :** 'હું વૃક્ષ છું.'

(દાદા ચંપકનો હાથ પકડે છે. પછી એની આંખો સાથે આંખો મેળવવાનો પ્રયત્ન કરે છે. આંખ મળતી નથી. તેથી ચંપકના ગાલને હથેળીથી ઠબઠબાવે છે.)
'ચંપક ! ચંપક ! બેટા ચંપક !' (મૂંઝાઈને પગથિયા પાસે જાય છે.)
'બેટા ઈન્દી ! ઈન્દી બેટા !'

**ઈન્દિરા :** (ઘરમાંથી અવાજ સંભળાય છે.) 'એ આવી દાદાજી. (ઈન્દિરા હાથ લૂછતી લૂછતી આવે છે.) શું છે દાદાજી ?'

**દાદા :** 'અરે જો ને બેટા આ ચંપક શું કહે છે ?'

**ઈન્દિરા :** 'શું કહે છે ?'

**દાદા :** 'કે'છે હું વૃક્ષ છું.'

**ઈન્દિરા :** (નીચે ઊતરતાં ઊતરતાં હસી પડે છે.) 'દીકરા કોના દાદાજી ? એમનો તો કાયમનો મશ્કરો સ્વભાવ છે. (ચંપકની પાસે જઈને હસતાં હસતાં) આજે પાછી શેની મજાક શરૂ કરી છે ? (ચંપકની સામે આંખમાં આંખ મેળવવાનો પ્રયત્ન કરે છે) ચાલો ચાલો ઘરમાં, કેટલા બધા ભીંજાયા છો ! ચાલો શરીર કોરું કરીને ગરમ ગરમ રસોઈ જમી લો. હું ટુવાલ આપું છું. (ચાલવા માંડે છે. જરાક પાછું જોતાં અટકી જાય છે.) અરે તમે તો ઊભા જ છો ! (હાથ પકડે છે.) ચાલોને હવે અંદર ભૈસાબ. મારે તાવડી તપે છે, તમે જમી લ્યો એટલે દાદાજીને નરમ નરમ રોટલી ઉતારી આપું.'

**દાદા :** 'એલા ચંપક, હવે બહુ થઈ મજાક. ચાલ અંદર.' (ચંપક છીંક ખાય છે.)

**ઈન્દિરા :** 'દાદાજી ! આમને તો શરદી થઈ ગઈ છે.'

**દાદા :** 'હું ક્યારનોય એને કહ્યા કરું છું કે ચાલ અંદર અને શરીર કોરું કરી દે. તારો શરદીનો કોઠો છે. પણ માનતો જ નથી. લે હવે, આ શરદી થઈ ને !'

**ઈન્દિરા :** (ચંપકને પકડીને) 'ચાલો અંદર. શરદી થઈ ગઈ છે ને તમને માંદા પડતાં વાર નહીં લાગે.'

(ચંપક ખસતો નથી.)

**ઈન્દિરા :** 'દાદા, આ તો ખસતા જ નથી.'

**દાદા :** (ચંપકને બીજી તરફથી પકડે છે) 'લે હું મદદ કરું. ચાલ ચંપક.'

**ઈન્દિરા :** 'લો હેંડો અંદર (ચંપકની સામું જુએ છે.) દાદા ! આ તો કંઈ સાંભળતા જ નથી અને ચાલતા પણ નથી. શરદી થઈ ગઈ ને પાછા.... લો હું પાડોશમાંથી છગનભાઈને બૂમ પાડીને બોલાવું. ઊંચકીને એમને અંદર લઈ જઈએ.'

**દાદા :** 'હા...હા.... છગનને બોલાવ.'

**ઈન્દિરા :** 'અરે છગનભાઈ.....'

**છગનભાઈ :** (અંદરથી અવાજ સંભળાય છે.) 'એ હા.... ઈન્દિરાબહેન ! શું કામ છે ?'

**ઈન્દિરા :** 'આ જુઓ ને તમારા ભાઈને શું થઈ ગયું છે ? જરા આવોને એક મિનિટ.'

**છગનભાઈ :** (અવાજ સંભળાય છે.) 'આ આવ્યો.' (છગનભાઈ પ્રવેશે છે.) 'શું થયું છે ચંપકભાઈને ? ચંપકભાઈ કેમ ઊભા છો આમ ?'

**દાદા :** 'છગન જોને બેટા ! આ ચંપક ચાલતો ય નથી ને બોલતો ય નથી.'

**છગનભાઈ :** 'ચંપકભાઈ, ચાલો અંદર. કેટલા બધા ભીંજાઈ ગયા છો ?'

**દાદા :** 'છગન, એને ઊંચકીને લઈ જવો પડશે.'

(છગન અને દાદા ચંપકને ઊંચકવાનો પ્રયત્ન કરે છે. પણ ચંપકનું શરીર ચસકતું નથી. છગન નીચે બેસીને ચંપકને પગથી ઊંચકવાનો પ્રયાસ કરે છે. છગનના ઊંહકારા સંભળાય છે.)
'ઊંહ ! ઊંહ ! દાદા, આ તો પગ ચોંટી ગયા લાગે છે જમીનમાં. જરાય ચહકતા નથી.'

**ઈન્દિરા :** 'છગનભાઈ, તમે એમ કરો ને દવે ડૉક્ટરને બોલાવી લાવોને બાજુમાંથી. એમને શરદી થઈ ગઈ છે. કંઈ દવાનો ડોઝ આપશે એટલે સારું થઈ જશે.'

**છગનભાઈ :** 'બોલાવી લાવું.' (છગનભાઈ જાય છે.)

**ઈન્દિરા :** 'દાદાજી ! આમને આવું શું થઈ ગયું છે ?'

**દાદાજી :** 'કશું નથી બેટા. હમણાં ડૉક્ટર આવીને ઈન્જેકશન આપી દેશે એટલે સારું થઈ જશે.'

**ઈન્દિરા :** 'દાદાજી ! અંદરથી મને ખૂબ બીક લાગે છે.'

**દાદા :** 'એમાં બીવા જેવું કંઈ નથી, બેટા. તારો સ્વભાવ જરા પોચો છે એટલે, જો આ આવ્યા ડૉક્ટર.'

(ડૉક્ટર દવે અને છગનભાઈ પ્રવેશે છે. છગનભાઈ ડૉક્ટરની બેગ નીચે મૂકવાનો અભિનય કરે છે.)

**ડૉક્ટર :** 'શું છે દાદાજી ? ચંપકભાઈને શું થયું છે ?'

**દાદા :** 'આ જુઓ ને સાહેબ તમે જ. અમને તો કંઈ ખબર નથી પડતી. શરદી થઈ ગઈ હોય એવું લાગે છે.'

**ઈન્દિરા :** 'એમનો શરદીનો કોઠો છે ને પાછા વરસાદમાં ખૂબ પલળ્યા.'

**ડૉક્ટર :** (આ દરમ્યાન ડૉક્ટર ચંપક નાડી જુએ છે. પછી સ્ટેથોસ્કોપથી છાતી જોવાનો અભિનય કરે છે.) શરદી થઈ ગઈ છે અને જરાક તાવ પણ છે. એક ઈન્જેકશન આપી દઉં છું. હમણાં સારું થઈ જશે.' (બેગ ખોલીને અંદરથી ઈન્જેકશન કાઢીને દવા ભરવાનો અભિનય કરે છે. પછી ચંપકના ડાબા હાથે ઈન્જેકશન આપવાનો અભિનય કરે છે. સોય નાખતાં જ....)
'અરે ! આ તો સોય વળી ગઈ. હાથ કઠણ લાકડા જેવો લાગે છે. કાંઈ સમજાતું નથી. (ચંપકના હાથને દબાવીને જુએ છે.) કંઈક વિચિત્ર લાગે છે. દાદાજી, તમે કોઈ મોટા ડૉક્ટરને કન્સલ્ટ કરો. આમાં મારું કામ નહિ.'

**ઈન્દિરા :** 'પણ ડૉક્ટર.....'

(ડૉક્ટર બેગ લઈ ચાલવા માંડે છે.)
'દાદાજી ! દાદાજી ! (રડમસ અવાજે) હવે શું થશે ?'
(ત્વરાથી ચંપકની પાસે આવે છે. એના ખભા પકડે છે અને ભાંગી પડે છે. એ ચીસ નાખીને નીચે ચંપકના પગમાં બેસી પડે છે.)
'દાદાજી ! દાદાજી ! હું લૂંટાઈ ગઈ. મારું સર્વસ્વ હણાઈ ગયું. આ શું થઈ ગયું દાદાજી !' (ડૂસકાં ભરે છે.)

**દાદા :** 'ધીરજ રાખ બેટા. છાની રે. (ઈન્દિરાનાં ડૂસકાં સંભળાય છે.) રડીશ નહીં. તું છાની રે. ચંપકને કાલ સારું થઈ જશે.' (ઈન્દિરાનું રડતું માથું દાદાજી તરફ ઊંચકાય છે. દાદાજીનો હાથ ઈન્દિરાના મસ્તક પર છે. ફ્રિઝ : પાંચ સેકન્ડ અંધકાર.)

**[દ્દશ્ય : 2]**

(સમય : મધ્યરાત્રિ પછીનો. ચાંદનીના પ્રકાશમાં વૃક્ષ ઊભું છે. પવનના સુસવાટામાં એ આમતેમ વીંઝાય ધીમે ધીમે પવન શાંત થતો જાય છે. વૃક્ષ સ્થિર છે. લાકડી સાથે દાદા પ્રવેશે છે. વૃક્ષ બની ગયેલા પુત્રની પાસે આવીને ઊભા રહે છે. લાગણીના વેગમાં પુત્રને બાથ ભરે છે. હાથમાંથી લાકડી પડી જાય છે. દાદા ડૂસકાં ભરે છે. અવાજ સંભળાતો નથી. માત્ર દાદાનું શરીર હલે છે. થોડી ક્ષણો બાદ પુત્રને ભરેલી બાથ છોડે છે. નીચે પડેલી લાકડી ઉપાડે છે. પુત્રની સામું તાકી રહે છે અને વ્યથાથી શિથિલ પગે ઘર તરફ જાય છે. દાદાજીના ગયા પછી ઈન્દિરા આવે છે. એ આવીને વૃક્ષ બની ગયેલા પતિને શાલ ઓઢાડવાનો અભિનય કરે છે. પછી પતિના ખભે હાથ મૂકીને પતિના સામું જોઈ રહે છે, એના હાથ સરકે છે. એ પતિના પગમાં ઢગલો થઈને પડી જાય છે. ઊંચે જોઈને બોલે છે.)

**ઈન્દિરા :** 'તમને આ શું થઈ ગયું છે ? કેમ કંઈ બોલતા નથી ? કેમ આમ રિસાઈ ગયા છો ? તમે કંઈક તો બોલો. આપણાં કેવાં કેવાં સપનાં હતાં ! ચકુડીને ભણાવી ગણાવીને મોટી કરીશું. એને સારે ઘેર પરણાવીશું. થોડા પૈસા ભેગા થશે એટલે આ ઘરને થોડું મોટું કરીશું. તમે તો મને નોંધારી છોડીને આમ સાવ સૂનમૂન સાધુ જેવા બની ગયા. સાચું કહું છું હોં ! મારાથી આમ નહિ જીવાય. તમે કંઈક તો બોલો. તમે જો નહિ બોલો તો હું ઊઠવાની નથી. અહીં તમારા પગમાં જ બેસી રહીશ.'
(ઈન્દિરાનાં ડૂસકાંનો અવાજ સંભળાય છે. દાદા ઘરમાંથી બહાર નીકળી ઓટલા પર આવે છે. ઈન્દિરાનો રડવાનો અવાજ સંભળાય છે. દાદા પગથિયાં ઊતરે છે અને ઈન્દિરાની પાસે આવે છે.)

**દાદા :** 'બેટા ચાલ ઘરમાં, આમ રડવાથી શું વળવાનું છે ?'

**ઈન્દિરા :** (રડતાં રડતાં) ના દાદાજી, હું અહીંથી ઊઠવાની નથી.'

**દાદા :** 'અરે બેટા ! તું જ આમ હામ ખોઈ બેસીશ તો બીજાનું શું થશે ? આખા દા'ડાનું તેં કાંઈ ખાધું નથી અને રડ્યા જ કર્યું છે. ચકુડી પણ ભૂખી જ સૂઈ ગઈ છે. ઊઠ દીકરા ! તારો આ વલોપાત મારાથી જીરવાતો નથી. ઊઠ.'

(ચકુનો અવાજ ઘરમાંથી સંભળાય છે. ભય ને રૂદનથી મિશ્રિત : 'મમ્મી..... ! ઓ મમ્મી.... ! તું ક્યાં ગઈ મને છોડીને ? મને બીક લાગે છે. મમ્મી....ઓ....મમ્મી....!')

**દાદા :** 'ઊઠ બેટા, જો ચકુડી જાગી ગઈ છે ને રડે છે.'

**ઈન્દિરા :** 'ના દાદા.....' (ચકુનો રડવાનો અવાજ સંભળાય છે.)

**દાદા :** 'બેટા ઈન્દી.... ચાલ ઊઠ.... ચકુડી કેટલી ગભરાઈ છે... ઊઠ.'

(ઈન્દિરા ના....ના... કરતી ઊઠે છે. ચકુના રડતા અવાજ તરફ એ ખેંચાય છે. તો બીજી ક્ષણે એ ચંપક તરફ જુએ છે. ચકુનો અવાજ આવ્યા જ કરે છે. ઈન્દિરા એ અવાજ તરફ ખેંચાય છે. પાછળ દાદા ધીમે ધીમે ડગ ભરતા ઘર તરફ જાય છે. એમની લાકડીનો અવાજ સંભળાય છે. પ્રકાશ ઓછો થતો જાય છે. અંધકાર.)

**[દશ્ય : 3]**

(થોડા દિવસો પછીની એક સવાર. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે.' એ પંક્તિ ગવાતી સંભળાય છે. પંખીઓનો અવાજ અને આછો પ્રકાશ. ધીમે ધીમે પૂર્ણ પ્રકાશ. દફતર સાથે ચકુની બે બહેનપણીઓ પ્રવેશે છે.)

**બહેનપણી-1 :** 'ચકુડીને જલદી બૂમ પાડ. એ હજી તૈયાર જ નહીં થઈ હોય. આજે કેટલું બધું મોડું થઈ ગયું છે !'

**બહેનપણી-2:** 'ચકુ....! એ....ચકુ ! (ચકુ આવે છે. પિતાને સ્નેહથી સ્પર્શે છે. બહેનપણીઓ પાસે જાય છે.) લે ચકુડી, કચૂકો.'

(ત્રણે કચૂકો ખાતી ખાતી, વાતો કરતી કરતી જાય છે. દાદાજીનો અવાજ સંભળાય છે. મહિમ્નસ્તોત્ર ગાતાં ગાતાં એ બહારથી પ્રવેશે છે. નદી પરથી સ્થાન કરીને આવ્યા છે. આનંદપૂર્વક મહિમ્નસ્તોત્ર ગાય છે. વૃક્ષ પાસે આવી હાથમાંની લાકડી વૃક્ષની ડાળી પર ભરાવે છે. મહિમ્નસ્તોત્રનું રટણ ચાલુ છે. ભીનું પંચિયું નીચોવવાનો અભિનય કરે છે. પછી વૃક્ષની ડાળી પર એને સુકવવાનો અભિનય કરે છે. લાકડી લઈને છગનભાઈના ઘર તરફ જાય છે : 'અરે છગન ! આજનું છાપું જરા આપને ભાઈ.'

'હા દાદાજી લો.' એવો સંવાદ અંદરથી સંભળાય છે. ઈન્દિરા ઘરમાંથી બહાર આવે છે. વૃક્ષના મૂળમાં હાથમાંના લોટાથી પાણી રેડવાનો અભિનય કરે છે. ચહેરા પર પ્રસન્નતા છે. પાણી રેડીને વૃક્ષની શાખાઓ તરફ જોઈ રહે છે. મૃદુતાથી સ્પર્શ કરે છે. દાદા હાથમાં છાપું લઈને પ્રવેશે છે.)

**ઈન્દિરા :** 'દાદાજી ! જુઓ ! જુઓ ! કેવી નાની નાની કૂંપળો ફૂટી છે !'

**દાદા :** (નજીક આવીને જુએ છે.) 'હા, બેટા ! ઘણી બધી કૂંપળો ફૂટી છે.'

**ઈન્દિરા :** 'બપોરે તો અહીં સરસ છાંયો હોય છે.'

**ઈન્દિરા :** 'પણ દાદા કાલે બપોરે એક કાગડો આવીને બેઠો અને કા-કા કરવા મંડ્યો. પછી ડાળી પર એણે તો બે-ત્રણ વખત ચાંચ ઘસી. હુ તો થથરી ગઈ. મેં એને બૂમ પાડીને, તાળીઓ પાડીને ઉડાડ્યો. પણ મૂઓ ઊડે જ નહિ. ફરી એણે ચાંચ ઘસી. મારાથી રહેવાયું નહિ. કાંકરો લઈને ઉડાડ્યો. થોડી વાર થઈ ને ફરી પાછો આવીને બેઠો. કા-કા કરતો જાય ને ડાળી ઉપર ચાંચ ઘસતો જાય.... પછી તો તમારી લાકડી લઈને જ હું તો ઊભી રહી.'

**દાદા :** 'અરે બેટા ! આજે પરોઢિયે મને એક વિચિત્ર સપનું આવ્યું. સપનામાં ચંપક આવ્યો.'

**ઈન્દિરા :** 'હેં દાદાજી ?'

**દાદા :** 'પણ કેવડો ચંપક ખબર છે ? સાવ નાનો-ટગુમગુ ચાલતો અને નાગોપૂગો.'

**ઈન્દિરા :** (આછી લજ્જા સાથે સ્મિત કરે છે.) 'આજ પરોઢિયે આવ્યું'તું દાદાજી ?'

**દાદા :** 'હા બેટા, હું તો છે ને અહીં આંગણામાં બેઠો બેઠો છાપું વાંચતો'તો – ત્યાં મારી સામે આવીને ઊભો રહ્યો. 'બાપુજી, બાપુજી !' સાંભળીને મેં છાપું ખસેડ્યું. એના હાથની મુઠ્ઠીઓ વાળેલી હતી. મુઠ્ઠી ઊંચી કરી કે' કે બાપુજી ખોલો તો. મેં એની મુઠ્ઠી ખોલવાનો પ્રયત્ન કર્યો પણ ખૂલે જ નહિ. હું તો પ્રયત્ન કર્યા જ કરૂં પણ ખૂલે જ નહિ. (ઈન્દિરા હસે છે.) પછી એ લુચ્ચો હસી પડ્યો. બોલ્યો : 'બાપુજી ! ફૂંક મારો એટલે ખૂલી જશે.' મેં એની જમણી મુઠ્ઠીને ફૂંક મારી અને હથેળી ખોલી કે તરત ખૂલી ગઈ. (ઈન્દિરાની આંખો ચમકે છે.) એ હથેળીમાં શું હતું ખબર છે ?'

**ઈન્દિરા :** (સાશ્ચર્ય) 'શું હતું દાદાજી ?'

**દાદા :** 'સોનામહોરો.'

**ઈન્દિરા :** 'સોનામહોરો ?'

**દાદા :** 'હા... અસલ સોનામહોરો, ચમક ચમક થતું સોનું. એના હાથમાંથી મેં સોનામહોરો લઈ લીધી. પછી બીજા હાથની મુઠ્ઠી ખોલવા જતો'તો ત્યાં મારી આંખ ખૂલી ગઈ. કેવું વિચિત્ર સપનું ! સોનામહોરો !'

**ઈન્દિરા :** 'હું જઉં દાદા, આજ તો ગળી રોટલી બનાવવાની છે, ચકુ કહીને ગઈ છે.'

**દાદા :** 'હા, મારી ચકુને પૂરણપોળી બહુ ભાવે છે.'

(ઈન્દિરા અંદર જાય છે, દાદા પાછળ પાછળ જાય છે. યાદ આવતાં પાછા વળીને વૃક્ષ પર સૂકવેલું પંચિયું ઉતારીને ખભે નાખે છે. હથેળી પર નજર નાખે છે. એક ક્ષણ અટકી

જાય છે. સ્વપ્ન જોતા હોય તેમ હથેળીમાં સોનામહોરો જુએ છે. એમાંથી બે સેકન્ડ પછી જાગીને જરાક હસીને ઘરમાં જાય છે. ચકુ અને એની બહેનપણીઓ આવે છે.)

**બહેનપણી-1 :** 'એ ચકુ ! ચાલોને આપણે દોરડાં કૂદીએ.'

**ચકુ :** 'હા ચાલો.'

(ચકુ જઈને ઓટલા ઉપર દફતર મૂકે છે. એ દરમિયાન બન્ને બહેનપણીઓ વૃક્ષની ડાળીઓ પર પોતાનાં દફતર લટકાવી દે છે. ચકુ દફતર ઓટલા પર મૂકીને આવે છે. ત્રણે સામસામાં ઊભાં રહે છે.)

**ચકુ :** 'ચલો, રેડી ?'

બંને બહેનપણીઓ : 'રેડી.'

**ચકુ :** 'સ્ટાર્ટ.'

(ત્રણે જણ એક...બે... ત્રણ એમ ગણતાં દોરડાં કૂદે છે. દશ સુધી ગણ્યા પછી ઝડપથી કૂદે છે.)

**બહેનપણી-1 :** (અટકીને) 'એય તમે લોકોએ તો એકદમ ફાસ્ટ શરૂ કરી દીધું. ઊભા રો, ઊભા રો.' (ચકુ અને બહેનપણીઓ ઊભાં રહી જાય છે. ઘરમાંથી ઈન્દિરાનો અવાજ આવે છે. 'ચકુ....! અંદર આવ તો.')

**ચકુ :** 'એ આવી મમ્મી. (બહેનપણીઓને) એ મારાં મમ્મી બોલાવે છે. હું જઉં છું.' (બન્ને બહેનપણીઓ વૃક્ષ પર લટકાવેલાં દફતર ઉતારે છે એ તરફ ચકુનું ધ્યાન જતાં....)
'એ...ય તમે તો મારા પપ્પા પર દફતર લટકાવી દીધાં છે.'

**બહેનપણી-1 :** 'આ તારા પપ્પા છે ?'

**ચકુ :** 'હા... કેમ વળી ?'

**બહેનપણી-2:** 'અરે આ તો ઝાડ છે.'

**બહેનપણી-1 :** 'હા, આ તો ઝાડ છે. આ તારા પપ્પા છે કંઈ ?'

**ચકુ :** 'હા, આ મારા પપ્પા છે. નહિ પપ્પા ?'

(ચકુ વૃક્ષને અઢેલીને બે હાથથી વળગીને ઊભી રહે છે. ચકુના કાન વૃક્ષને અડતાં દરબારીનો આલાપ સંભળાય છે. ચકુના ચહેરા પર સ્મિત છે. એની આંખો બિડાય છે અને એ સાંભળે છે. એનો કાન વૃક્ષથી અલગ થતાં આલાપ બંધ થઈ જાય છે.)
'મારા પપ્પા કેવું સરસ ગાય છે !'

**બહેનપણી-1 :** 'ગાય છે ?'

**ચકુ :** 'કેવું સરસ ! તમે ના સાંભળ્યું ? (બંને માથુ હલાવીને ના પાડે છે.) તમારે સાંભળવું છે ? (બંને માથું હલાવીને હા પાડે છે.) લો સાંભળો. (બંને બહેનપણીઓ વૃક્ષને અઢેલીને કાન માંડીને સાંભળવાનો અભિનય કરે છે. કંઈ સંભળાતું નથી. બંને કાન ખસેડીને...)

**બહેનપણીઓ :** 'અમને તો કાંઈ સંભળાતું નથી....'

**ચકુ :** 'મને સંભળાય છે ને.'

**બહેનપણી-1 :** 'ચલ, ચલ આપણે મોડું થશે.' (ચકુ વૃક્ષને અઢેલીને ઊભી રહે છે.)

**બહેનપણી-2 :** 'હા... ચલ ચલ.'

(બંને જાય છે. દરબારીનો આલાપ સંભળાય છે. ચકુની આંખો બંધ થતી જાય છે. ચહેરા પર સ્મિત છે. અવાજના તાનમાં વૃક્ષ અને ચકુ ધીમું ધીમું ઝૂલી રહ્યાં છે. પ્રકાશ ધીમે ધીમે ઓસરતો જાય છે. અંધકાર.)

**[દશ્ય : 4]**

(સવારનો સમય છે. ચકુ વૃક્ષની નીચે અઢેલીને બેઠી બેઠી કવિતા ગોખે છે. ઈન્દિરા માળા ગૂંથે છે. બહારથી દાદા પ્રવેશે છે. ધોતિયું, ઝભ્ભો, બંડી અને માથે કાળી ટોપી. હાથમાં થેલી છે. ચકુનો અવાજ સાંભળીને એ ખુશ થાય છે. ચૂપકીદીથી એ ચકુની નજીક જઈ, પાછળથી લાકડી લાંબી કરીને ચકુના કાનને અડકાડે છે. ચકુ ચમકીને જુએ છે તો દાદાજી. દાદાજી હસી પડે છે.)

**ચકુ :** 'દાદાજી.... હું તો બી ગઈ.'

(દાદા હસે છે. ઝાડની નીચે પડેલી ખુરશી પર બેસે છે. ટોપી ઉતારીને ખોળામાં મૂકે છે.)

**દાદા :** 'ચકુ બેટા ! જરા આમ આવ તો.'

(ચકુ દાદા પાસે જાય છે. દાદા બંડીના અંદરના ગજવામાંથી કશુંક કાઢીને.....)
'જો આ શું છે ?'

**ચકુ :** 'ફોટો છે દાદા. લાવો, લાવો મને જોવા દો. દાદાજી આ તમે છો. આ મમ્મી છે. આ વચમાં હું અને આ પપ્પા છે. (ઈન્દિરા ઊભી થઈને હર્ષથી નજીક આવે છે.)

**ઈન્દિરા :** 'લાવ તો ચકુ મને જોવા દે તો ફોટો. (ચકુના હાથમાંથી ફોટો લે છે.) અરે વાહ ! દાદાજી કેટલો સરસ પડ્યો છે ! અરે ચકુ, તારો તો એકદમ સરસ ફોટો આવ્યો છે.'

**ચકુ :** 'તે આવે જ ને. પેલા ફોટો પાડનાર આવ્યા'તા એમની પાસે કેવો ફાઈન કેમેરો હતો !'

**ઈન્દિરા :** 'દાદાજી, પેલા ચેકનું શું થયું ?'

**દાદા :** 'બૅન્કમાં ભરી દીધો હમણાં. ચકુ બેટા આ થેલી લઈ જા અંદર. તારે માટે હલવો લાવ્યો છું. તને બહુ ભાવે છે ને ?'

**ચકુ :** 'બહુ જ ભાવે છે દાદાજી. લાવો, લાવો.' (ઝડપથી થેલીને લઈને જાય છે.)

**દાદા :** 'અરે ચકુ ઊભી રે' ઊભી રે' આ ખરી વસ્તુ તો રહી જ ગઈ.
(બંડીના ગજવામાંથી કશું કાઢીને બતાવવાનો અભિનય)
'જો આ શું છે ?'

**ચકુ :** 'દાદાજી ! આ તો ટિકિટો છે. કઈ ફિલ્મની છે ?'

**દાદા:** 'દો જાસૂસ.'

**ચકુ :** 'ઓહ દાદાજી ! બહુ મજા પડશે. ક્યારે જવાનું છે ?'

**દાદા :** 'રવિવારે બેટા.'

**ઈન્દિરા :** 'દાદા, તમે બે જણ જવાના છો ?'

**દાદા :** 'હોય બેટા ? ત્રણ ટિકિટ લાવ્યો છું. તારે પણ આવવાનું છે.'

**ચકુ :** 'પણ દાદાજી, આ વખતે તમારે મને આઈસક્રીમ ખવરાવવો પડશે.'

**દાદા :** 'હા હા બેટા ! આઈસ્ક્રીમ ખવડાવીશ.'

**ચકુ :** 'બહુ જ હોં દાદાજી ?'

**દાદા :** 'અરે તારી સામે આઈસક્રીમનો પહાડ જ ઊભો કરી દઈશ. તારે ખાવો હોય એટલો ખાજેને.'

**ચકુ :** 'બહુ જ મજા આવશે દાદાજી.'

**દાદા :** 'પણ શરદી થઈ જશે તો-?'

**ચકુ :** 'નહિ થાય દાદાજી.'

**દાદા :** 'સારું જાવ, થેલી લઈ જાવ અંદર.'

**ઈન્દિરા :** 'ચકુ, આ માળા ને ફૂલ પણ અંદર લેતી જા.'
(ઈન્દિરા ફૂલની થાળી ચકુને આપવાનો અભિનય કરે છે. ચકુ બધું લઈને અંદર જાય છે.)

**દાદા :** 'સવારે કોઈ આવ્યું'તું બેટા ?'

**ઈન્દિરા :** 'ના દાદા. આજ તો કોઈ નથી આવ્યું. નિરાંત છે. લોકો એટલા બધા જોવા માટે આવે છે કે થાકી જવાય છે. પણ દાદાજી આપણને તો સારા એવા પૈસા મળ્યા, નહિ ?'

**દાદા :** 'તે મળે જ ને ! આ કાંઈ જેવા તેવા સમાચાર છે ! વિશ્વમાં આ તો પે'લો બનાવ છે માણસ ઝાડ થઈ જવાનો. અંગ્રેજી છાપાંવાળાએ ખાલી ફોટા પાડ્યા અને એના પ્રશ્નોના આપણે જવાબ આપ્યા એમાં ફટ ચેક આપી દીધો.'

**ઈન્દિરા :** 'અને દાદાજી, પેલા દિલ્હીથી આવ્યા'તા બટકા ને જાડા......'

**દાદા :** 'પેલી ગોરી છોકરીની સાથે.'

**ઈન્દિરા :** 'હા... એમણે પણ ખાસ્સા......'

**દાદા :** 'તે આપે જ ને. આ કાંઈ જેવો તેવો બનાવ છે ?'

**ઈન્દિરા :** 'દાદાજી, હું તો બહાર જાઉં છું ને તે બધા જ મને પૂછપૂછ કરે છે.'

**દાદા :** 'અરે બેટા, આ તો ભગવાનની લીલા છે. ભગવાન જે કંઈ કરે છે તે સારા માટે જ કરે છે.'

(એક યુવતી પ્રવેશે છે.)

**યુવતી :** 'એક્સક્યૂઝ મી ! મિ. પંડ્યા અહીં રહે છે ?'

**ઈન્દિરા :** 'દાદાજી !'

**દાદા :** 'હા. આવો આવો. બેસો, હું જ પંડ્યા છું.'

(આગંતુક યુવતી દાદાની પાસે પડેલી ખુરશી પર બેસે છે. પર્સમાંથી કાર્ડ કાઢી આપે છે.)

**યુવતી :** 'આઈ એમ મિસ દારૂવાલા. હું વર્લ્ડ મેગેઝીનની રિપ્રેઝેન્ટેટિવ છું. હું માનું છું આપને ત્યાં જ માણસમાંથી ટ્રી બની જવાનો અજબ બનાવ......'

**દાદા :** 'હા...હા..... મારે ત્યાં જ. આ જુઓ મારો ચંપક. (મિસ દારૂવાલા ચંપક તરફ જુએ છે અને આશ્ચર્યથી ચકિત થઈ જાય છે.)

**મિસ દારૂવાલા :** 'ઓહ... હાઉ વન્ડરફૂલ ! તમારા એ સન થાય ?'

**દાદા :** 'હા બહેન, એ મારો દીકરો છે અને આ મારા દીકરાની વહુ છે.'

(ઈન્દિરા હાથ જોડીને નમસ્કાર કરે છે.)

**મિસ દારૂવાલા :** 'ઓહ ! નમસ્તે, તમે મને આ પરિવર્તનની સ્ટોરી કહેશો ?'

**દાદા :** 'હા....હા.... કેમ નહીં.'

**મિસ દારૂવાલા :** (નોટબુક અને પેન કાઢવાનો તથા લખવાનો અભિનય કરે છે.) 'એક મિનિટ પ્લીઝ, હા હવે બોલો.'

**ઈન્દિરા :** 'જાણે એમ બન્યું કે એક દિવસ.....'

**મિસ દારૂવાલા :** 'તારીખ કહેશો ?'

**ઈન્દિરા :** 'તારીખ.......'

**દાદા :** '12મી ઓગસ્ટ, પણ મિસ દારૂવાલા, તમારે આ બધી વિગતની શી જરૂર છે ?'

**મિસ દારૂવાલા :** 'વર્લ્ડ મેગેઝીન'માં આ આખી સ્ટોરી ફોટોગ્રાફ સાથે અમે રજૂ કરીશું. મૉસ્ટ પૉપ્યુલર મેગેઝીન છે. એની આખા જગતમાં થઈને પચાસ લાખ કૉપીઓ વેચાય છે. એ લોકોએ આ બાબતમાં સ્પેશ્યલ લેખ તૈયાર કરવાનું મને કહ્યું છે.'

**દાદા :** 'એમ વાત છે ? પણ બહેન, એવું છે ને કે આજ સુધીમાં જે કોઈ ન્યુઝપેપરવાળા આવ્યા છે એમણે આ માટે કંઈ ને કંઈ...... (અંગૂઠા-તર્જનીથી 'પૈસા'નો સંકેત કરે છે.)

**મિસ દારૂવાલા :** 'ઓહ ! હું સમજી ગઈ. યૂ નીડ નોટ વરી, મિસ્ટર પંડ્યા. જુઓ આ સ્ટોરી માટે અને થોડા ફોટોગ્રાફ્સ માટે હું તમને હમણાં જ ફાઈવ થાઉઝન્ડનો, આઈ મિન પાંચ હજાર ડૉલરનો ચેક આપી દઉં છું.'

**દાદા :** 'પાંચ હજાર.....'

**મિસ દારૂવાલા :** 'યસ, ફાઈવ થાઉઝન્ડ ડૉલર, અમેરિકન ડૉલર, અને બીજી વાત, થોડા દિવસોમાં જ અમારા ટેલિવિઝનના પ્રોડ્યૂસર આવવાના છે. એક ફિલ્મ લેવાનો પણ અમારો પ્લૅન છે. એ વખતે તમને બીજી મોટી રકમ.....'

**દાદા :** 'બરાબર છે, થૅંક્યૂ મિસ દારૂવાલા. ચાલો હું તમને આખી વાત વિગતવાર કહું. (ઊભા થાય છે.) જુઓ, બારમી ઑગસ્ટની સવારની આ વાત છે. એ દિવસે ધોધમાર વરસાદ પડતો હતો. અમારી ચકુડી, આ ચંપકની દીકરી વરસાદમાં નહાતી હતી....'

**ઈન્દિરા :** 'ચકુ....! ચકુ બેટા....!' (ચકુ આવે છે.)

**દાદા :** 'આ રહી મારી ચકુડી. ચકુ આમ આવ બેટી. આ ચકુડી ભારે તોફાની છે. એ વરસાદમાં નહાતી'તી ત્યાં વળી મારા ચંપકને પરાણે નહાવા ખેંચી ગઈ. અને આ ચંપક પણ.....'

**મિસ દારૂવાલા :** (ચંપક તરફ ધ્યાન જતાં) માફ કરજો. ઈફ યુ ડૉન્ટ માઈન્ડ. આ ફાઈન વેધરમાં થોડા ફોટોગ્રાફ્સ લઈ લઉં. પછી નિરાંતે તમે મને સ્ટોરી લખાવજો.'

**દાદા :** 'હા....હા..... બરાબર છે. સરસ તડકો છે એટલે ફોટા બરાબર પડશે.'

(મિસ દારૂવાલા નોટબુક ખુરશી પર મૂકી કૅમેરા ઉઠાવવાનો, ખોલવાનો અને ફોટા પાડવાનો અભિનય કરે છે. થોડા ફોટોગ્રાફ્સ લીધા પછી એ કૅમેરા મૂકવા જાય છે ત્યાં.....)

**ઈન્દિરા :** 'બહેન ! મને કહેતાં જરા સંકોચ થાય છે. પણ તમે અમારો એક ગ્રૂપ ફોટો ન પાડો ?'

**મિસ દારૂવાલા :** 'ઓહ ! યસ, યસ એ તો ખૂબ જ જરૂરી છે. સારું થયું તમે મને કહ્યું. ચાલો દાદાજી, તમે આવી જાઓને.'

(બધાં બરાબર ગોઠવાઈ જાય છે. એક બાજુ ઈન્દિરા વૃક્ષની પાસે ઊભી રહે છે. બીજી બાજુ દાદા ઊભા રહે છે. નીચે ચીકુ બેસી જાય છે.)

**ઈન્દિરા :** 'બહેન ! હું જરા સાડી બદલી નાખું ?'

**મિસ દારૂવાલા :** 'નહીં, નહીં કશી જરૂર નથી. ડાર્ક કલરની છે. એટલે સરસ આવશે. જરા સ્માઈલ કરો. હું રેડી કહું એટલે સ્થિર થઈ જજો.'

**દાદા :** 'એક મિનિટ...જરા....'

(દાદા આંખ પરનાં ચશ્માં ઉતારી ઝભ્ભાની ચાળથી કાચ સાફ કરે છે. પછી પહેરી લે છે અને ચહેરા પર સ્મિત લાવીને સ્થિર થઈ જાય છે.)

**મિસ દારૂવાલા :** 'ચાલો રેડી.... (બે સેકંડ પછી ચાંપ દબાવે છે.) એમ જ રહેજો પ્લીઝ. ખસશો નહીં. (બીજી સાઈડમાંથી બીજો સ્નૅપ લઈ લે છે.) ઓ.કે. થૅંક્યૂ.'

**ઈન્દિરા :** 'બહેન ! મારો એક આઈડિયા છે ફોટો પડાવવાનો, કહું ?'

**મિસ દારૂવાલા :** 'હા, કહોને.'

**ઈન્દિરા :** 'હું રોજ એમને પાણી પાઉં છું. એક ફોટોગ્રાફ આ રીતે હું પાણી રેડતી હોઉં એવો.'

**મિસ દારૂવાલા :** 'ઓહ ! ઈટ્સ એ વન્ડરફૂલ આઈડિયા. ચાલો, આવો આવો.'

(ઈન્દિરા ઘરમાંથી પાણીનો લોટો લાવવાનો અને વૃક્ષ પાસે આવીને, નમીને પાણી પાવાનો અભિનય કરે છે.) જરાક બાજુમાં.... આ સાઈડમાં. (ઈન્દિરા બાજુમાં કહેવા પ્રમાણે ગોઠવાય છે. માથાનો છેડો ખસી જાય છે. એટલે હાથમાંનો લોટો નીચે મૂકવાનો અભિનય કરે છે. પછી માથાનો છેડો સરખો કરે છે. મોં પર સ્મિત છે. દષ્ટિ ઊંચી. મિસ દારૂવાલા ચાંપ દબાવે છે.) થેન્ક્યૂ ! ચાલો હવે મને સ્ટોરી કહો અને બીજું, મને તમારા પુત્રના જૂના ફોટોગ્રાફ્સ હોય તો તે પણ જોઈશે.'

**દાદા :** 'હા હા છે. ચંપકે મેટ્રિકની પરીક્ષા પાસ કરેલી ત્યારે પડાવેલો ફોટો છે.'

**ઈન્દિરા :** 'અને અમારા બંનેનો સાથે પડાવેલો ફોટો પણ છે.'

**મિસ દારૂવાલા :** 'ઓહ સરસ, ચાલો હવે મને કંપલિટ સ્ટોરી કહો. (નોટબૂક કાઢીને પેન ખોલીને લખવાનો અભિનય.)

**દાદા :** 'હા સાંભળો. તે દિવસે આ ચકુડી વરસાદમાં નહાતી હતી. પણ મારા ચંપકને પરાણે ખેંચી ગઈ. મૂળે મારા ચંપકનો શરદીનો કોઠો અને ચકુડીની સાથે ખૂબ નાહ્યો. હવે પછી એવું બન્યું બહેન કે ચંપક આ આંગણામાં અહીં ઊભો ઊભો નહાતો હતો ત્યાં અચાનક એના પગ જમીનમાં ચોંટી ગયા, સજ્જડ થઈ ગયા ને એ ઝાડ બની ગયો.' (દાદા હસે છે અને હાથ ઊંચા કરે છે. હાસ્ય અટકી જાય છે અને હાથ સ્થિર થઈ જાય છે. એક સેકન્ડ ફ્રિઝ થયા પછી તરત અંધકાર)

**[દશ્ય : 5]**

(ઘરના ઓટલા પર, પગથિયા પર દાદા, ઈન્દિરા અને ચકુ ઊભાં છે.)

**ઈન્દિરા :** 'અને દાદાજી ! મોટા રૂમમાં ટાઈલ્સ પેલી આપણે પસંદ કરી હતી મોટી ડિઝાઈનની એ જ નાખવાની છે ને ?'

**દાદા :** 'હા બેટા.'

**ઈન્દિરા :** 'અને રસોડામાં મારે આમ ઊભું સ્ટેન્ડિંગ કિચન જોઈએ.'

**દાદા :** 'હા....હા..... ઊભું રસોડું જ બનાવશું અને આપણી ચકુડી માટે એક વાંચવાનો નાનો રૂમ પણ બનશે. (એન્જિનિયર મજૂર સાથે પ્રવેશે છે.)

એન્જિનિયર : 'નમસ્તે દાદાજી ! નમસ્તે બહેન !'

**દાદા :** 'લો આવ્યા, એન્જિનિયર.'

**એન્જિનિયર :** 'લો બહેન આ પ્રમાણેનો આપણો પ્લાન છે. મંજૂર થઈ ગયો છે. (ઈન્દિરાના હાથમાં પ્લાન આપે છે. ઈન્દિરા પગથિયાં ઊતરીને નીચે આવે છે. ઈન્દિરાના હાથમાંથી ચકુ પ્લાન લઈને જુએ છે.) 'દાદાજી ! આપણે આજથી કામ શરૂ કરી દઈએ છીએ. (મજૂરને) જુઓ અહીંથી આ પ્રમાણે વીશ ફૂટ લંબાઈનું ખોદકામ કરવાનું છે. ત્યાંથી આ પ્રમાણે બાર ફૂટનું અને (ઈન્દિરાને) બહેન ! આ ઝાડ વચ્ચે આવે છે....'

**ઈન્દિરા :** 'કાપી નાખો.'

**એન્જિનિયર :** (મજૂરને) એમ કરો. પહેલાં વચ્ચેથી આ ઝાડ દૂર કરો.'

(મજૂર કુહાડીથી વૃક્ષ પર ઘા મારવા જાય છે ત્યાં ચકુ દોડીને 'પપ્પા......' એમ ચીસ પાડતી આવે છે. મજૂરને ધક્કો મારીને એ વૃક્ષને વળગી પડે છે. ઈન્દિરા એને સમજાવી ફોસલાવીને પરાણે વૃક્ષ પરથી ખેંચે છે. અને ત્યાંથી દૂર લઈ જાય છે. ચકુ ઈન્દિરાની છાતીમાં માથું દબાવી 'ના....ના....' કરતી ડૂસકાં ભરે છે.' મજૂર વૃક્ષ પર કુહાડીના ઘા શરૂ કરે છે. તોડીનો આલાપ સંભળાય છે. કુહાડીના ઘા સાથે વૃક્ષ અને આલાપ હચમચે છે. ચોથા ઘા પછી ધીમે ધીમે અંધકાર. અંધકારમાં પણ બીજા બે ઘા અને આલાપ સંભળાય છે.)

(પડદો પડે છે.)